# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

## પંચ પ્રકલ્પની ફીટ ઇન્ડીયા અંતર્ગત વોલીબોલ સ્પર્ધા

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. પંપ્ર/ફી.ઈ.વો.સ્પ/31
તારીખ 21.2.'23

### અહેવાલ

તા. ૨૧/૦૨/૨૦૨૩

સમગ્ર સમાજ તેમજ રાજ્યના નાગરીકો માટે ઉપકારક અને કલ્યાણકારી બની રહે તેવી વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમના સ્વરૂપે મનાવી રહેલ છે, તે હેતુસર "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" યોજના શરૂ કરેલ છે. આ પંચ પ્રકલ્પ ની "ફીટ ઇન્ડીયા (રમતગમત તેમજ ખેલકૂદને ઉત્તેજન)" નો અંતર્ગત વોલીબોલ સ્પર્ધાનું આયોજન પ્રાચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરીના માર્ગદર્શન હેઠળ, આ પ્રકલ્પના કન્વીનર પી.ટી.આઇ.શ્રી એસ.એન.ટંડેલ સાહેબનાના નેતૃત્વમાં તા. ૨૧/૦૨/૨૦૨૩ના રોજ કપરાડા તાલુકાના કપરાડા (કૉલેજ કેમ્પસ) મુકામે રાખવામાં આવેલ.

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના પી.ટી.આઇ.શ્રી એસ.એન.ટંડેલ પ્રથમ પધારેલ તમામનું શબ્દોથી સ્વાગત કર્યું. તેમણે પોતાના વક્તવ્યમાં શાળા/કોલેજમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપરાંતની ઇતર પ્રવૃત્તિમાં ભાગ લેવા અને પધારેલ વાલીઓને પોતાના બાળકોને રમતગમતની પ્રવૃત્તિમાં ભાગા લેવા પ્રોત્સાહન આપવા માટે અપીલ કરી. તેમણે આપણા કપરાડા વિસ્તારના લોકોની જીવનશૈલી અંગે વાત કરી. તે ઉપરાંત પોતાના કાર્ય અનુસાર સમતોલ આહાર પણ કેટલો જરૂરી છે, તે સમજાવ્યું. રમતગમતની પ્રવૃત્તિને રોજબરોજના જીવનનો ભાગ બનાવવું જોઇએ, જેથી આપણું શરીર તંદુરસ્ત, સ્વથ્ય અને નિરોગી બની રહે તે જણાવેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ કોલેજના આચાર્યશ્રીએ ખેલાડીને પ્રોત્સાહિત કરતા ખેલદિલીની ભાવના રાખી સ્પર્ધામાં ભાગ લેવા જણાવ્યું. વધુમાં તેમણે કોલેજની વિવિધ પ્રવૃત્તિમાં ગામના લોકોનો મળતો સહકાર માટે આભાર વ્યક્ત કર્યો.

આ કાર્યક્રમ અંતર્ગત વોલીબોલ સ્પર્ધામાં કોલેજની ટીમ અને કપરાડા ગામની વચ્ચે મેચ રમાઇ હતી. જેમાં કપરાડા ગામની વોલીબોલ ભાઇઓની ટીમ વિજેતા થઇ હતી અને સરકારી વિનયન કોલેજ, કપરાડાની ટીમ ઉપવિજેતા રહી હતી. કોલેજના પ્રા. એમ.પી.પટેલ સાહેબના હસ્તે બન્ને ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના કુલ ૬ ખેલાડી ભાઇઓ અને ૧૦૯ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૧૫ વિદ્યાર્થી ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કપરાડા ગામ વતી ૬ ખેલાડી ભાઇઓ અને ૧૧ ગામજનો મળી કુલ ૧૭ ગામજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.